સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

પોલાણ સ્વાર્થના સંબંધોનું જોઈ તો લીધું!
નાટક દંભી ધર્મ-સ્થાનોનું જોઈ તો લીધું!!
જોઈ લીધું કાયે તંતુ બંધાયેલું દાંપત્ય -
ક્ષણ-જીવી સ્વરુપ કાયાનું જોઈ તો લીધું!
(ઝાંખપમાં હજુ શું જોવાનું બાકી છે?)

હાઈકુ

બધી દિશાઓ -
મુંઝાયેલા જીવને -
દિસે છે ઝાંખી!

મળતું નથી!
હાથ પકડે એવું !!
કોઈ 'સ્વજન'

ચિંતન

राज्ञि धर्मिणि धर्मिष्ठां पापे पापाः समे समाः ।
राजानमनुवर्तन्ते यथा राजा तथा प्रजाः ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

રાજા ધર્માત્મા હોય તો પ્રજા ધર્મનું આચરણ કરે છે. રાજા પાપી હોય તો પ્રજા પણ પાપકર્મ આચરે છે. રાજામાં ઉત્સાહનો ભાવ હોય તો પ્રજા પણ ઉત્સાહી હોય છે. કારણ કે હંમેશા પ્રજા તો રાજાનું અનુકરણ કરતી હોય છે.

લોકશાહીમાં તો 'પ્રજા એવો રાજા' કારણ કે રાજાએ પ્રજાના ટેકાથી ટકવાનું હોય છે. રાજા પૂર્ણતા તરફ ગતિ કરે તો પ્રજા પણ આપોઆપ પૂર્ણતા તરફ તરફ દોરવાશે. રાજા જ પ્રજા માટે એક આદર્શ ગણાય છે. માટે પ્રજા રાજાના પગલે ચાલવાનું પસંદ કરતી હોય છે.

સુવિચાર

- કભી યે મત પૂછો કિ મેરા સચ્ચા મિત્ર કૌન હૈ,
  બલ્કિ યે પૂછો કિ કયા મૈં કિસી કે લિયે સચ્ચા મિત્ર હૂં - **રજનીશ**
- સંબંધોની મીઠાશ જાળવી રાખવા - કોઈને લાડુ આપીને પછી એના પર મીઠું ન ભભરાવો - **જીવનપાયેય**
- ચિંતા, આશંકા, અસ્વચ્છતા, અનિશ્ચિતતા; અસલામતી એ બધું ય હોવા છતાં જે કરવાનું છે એ કરતાં રહેવાની આદત જયારે પડે ત્યારે એક મહાન જીવનની શરૂઆત થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જો આપણે આપણી ચિંતાઓને ભક્તિને શરણે કરી દઈએ,
  તો ઈશ્વર આપણી આપત્તિઓને આશીર્વાદમાં પલ્ટી નાખશે - **મુંબઈ સમાચાર**
- કર્મના ફળની ગતિ 'ન્યારી' છે, તેની પ્રણાલિકા 'ન્યારી' છે - **ચિત્રલેખા**
- સેવાને સદ્‌કાર્યો કયારેય છોડવા નહીં, સ્વાર્થને જીવનમાં કયારેક જોડવો નહીં - **સ્નેહા પટેલ**
- આજનું ઔષધ : તુરિયાના પાનને પાણીમાં વાટીને ત્વચાં પર લગાડવાથી દાદ-ખાજ ખુજલી જેવા રોગોમાં આરામ થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ભગવાન બુદ્ધ જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એમને એક ડાકુ અંગુલિમાલ મળ્યો. તે વટેમાર્ગુને લૂંટી લઈને તેમની આંગળીઓ કાપી નાખતો. તે આંગળીની માળા બનાવી ડોકમાં પહેરતો. બુદ્ધે કહ્યું, 'હું મારી આંગળીઓ આપવા તૈયાર છું ભાગી નહીં જઉં. પરંતુ એક મારી વાત ધ્યાનથી સાંભળી લે. આ વડના ઝાડનું એક પાડદું મને તોડી આપ.' અંગુલિમાલે તરત એક પાદડું તોડી બુદ્ધને આપ્યું. બુદ્ધે એ પાદડું પરત આપીને કહ્યું, 'હવે એ પાન જયાંથી તોડ્યું હતું ત્યાં ફરીથી ચોંટાડી દે.' અંગુલિમાલે કહ્યું, 'તૂટેલું પાન તે કદી ચોંટતું હશે? બુદ્ધે કહ્યું, 'હા, આપની વાત સાચી છે. તોડવું સરળ છે, પરંતુ જોડવું અઘરું છે! માણસને મારવા સાવ સરળ કા છે પણ જિવાડવો ઘણું અઘરું કામ છે!! તમે તો સાવ સહેલું કામ કરો છો જો અઘરું કામ કરશો તો આ લોક અને પરલોકમાં પણ સુખી થશો.' બુદ્ધના પ્રેમાળ વચનો સાંભળી અંગુલિમાલનું હૃદય પરિવર્તન થયું એ સજ્જન બની ગયો.

ભૂખનું દુ:ખ નિવારનારને નોબેલ ઈનામ

તંત્રીસ્થાનેથી...

માણસ માત્રને પ્રતિષ્ઠા ગમે છે. કામની કદર થવી જ જોઈએ. એમ થતું રહેશે તો જ બીજા લોકોને કામ કરવાની, વધુ ઉત્સાહપૂર્વક પરિણામદાયક અને જનસાધારણને ઉપયોગી બની રહે એવું કંઈક કરી બતાવવાની ઉમેદ જાગશે. આવા શુભાશય સાથે દુનિયાના દરેક દેશ અને પ્રદેશમાં ઈનામ અકરામ, માનસન્માન, પારિતોષિકો અને પુરસ્કારોની વ્યવસ્થા ઊભી થઈ હશે. દરેક ક્ષેત્ર એની આગવી ઢબે પોતાની વિશિષ્ટ પ્રતિભાઓને પોંખતું રહે છે અને આ પોંખણું છેક બાલમંદિરથી શરૂ થઈ મરણોપરાન્ત સમ્માન પર્યંત વિસ્તરે છે. સલ આલ્ફ્રેડ નોબેલના દાનમાંથી આવા વિવિધ ક્ષેત્રોમાં એનાયત થતું નોબેલ પારિતોષિક આજ પર્યંત વિશ્વનું સૌથી મોટું અને પ્રતિષ્ઠિત સમ્માન ગણાતું રહ્યું છે. મોટા રાજકીય માંધાતાઓ અને મૂર્ધન્ય વૈજ્ઞાનિકો, લોકસેવકો તથા સાહિત્યકારોને આ પારિતોષિકથી પોંખાવાની અદમ્ય ઈચ્છા રહ્યા કરતી હોય છે. મહાત્મા ગાંધી સત્ય અને અહિંસાના પૂજારી તરીકે જીવનભર ઝઝૂમ્યા, ત્રણ-ત્રણ વાર એમનું નામ પારિતોષિક માટે નોમિનેટ થયું પરંતુ એક યા બીજા કારણસર, કહો કે નિર્ણાયક કમિટીની અધકચરી સમજને કારણે ગાંધીજીને શાંતિ માટેનું નોબેલ ન જ મળ્યું. ઉમાશંકરે 'વિશ્વશાંતિ' નામે ખંડકાવ્ય લખ્યું ન હોત તો પણ મહાત્મા ગાંધીને વીસમી સદીના શાંતિદૂત બલકે મહાનાયકના બિરુદ તો મળી જ ચૂક્યું હતું. ભારતમાં રહી કુષ્ટરોગીઓની સેવા કરનારાં મધર ટેરેસા અને બાળવિકાસની ધૂણી ધખાવીને બેઠેલા કૈલાશ સત્યાર્થીને આ સમ્માન મળી શક્યું. કન્યા શિક્ષણના અધિકાર માટે ઝઝૂમતી પાકિસ્તાનની દીકરી મલાલા યુસૂફઝઈને અને બાળ અધિકારની ઝુંબેશ ચલાવતા સત્યાર્થીને એ સંયુક્તપણે એનાયત થયું હતું. સાહિત્યક્ષેત્રે આજપર્યંત એક માત્ર રવીન્દ્રનાથ ટાગોરને જ ભારતીય સાહિત્યકાર તરીકે આ સમ્માન સાંપડ્યું છે. રસાયણ શાસ્ત્ર અને ભૌતિક શાસ્ત્રમાં તથા તબીબી ક્ષેત્રે કાર્યરત મૂળ ભારતીયોને આ ઈનામની નવાજેશ જરૂર થઈ છે, પરંતુ એ પૈકી કોઈ 'ભારતીય નાગરિક' નથી રહ્યા!

આ વર્ષે શાંતિ માટેનું નોબેલ પ્રાઈઝ એક વર્ષમાં ૮૮ દેશોમાં નવ કરોડ સિત્તેર લાખ લોકો સુધી મદદ પહોંચાડી ચૂકેલા યુનાઈટેડ નેશન્સના વર્લ્ડ ફૂડ પ્રોગ્રામને અપાશે. વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ દુનિયાભરમાં ભૂખનો ઉકેલ આણવા માટે અને ખાદ્યસુરક્ષાને પ્રોત્સાહિત કરવા માટે કાર્યરત છે. સવિશેષ જયારે કોરોના મહામારીમાં બેકારી અને બેરોજગારીને કારણે ઘણા લોકો માટે સવારથી સાંજ વેગળી બની ગઈ છે ત્યારે ભૂખ્યાં લોકોને ભોજન ઉપલબ્ધ કરાવવાનું કામ આ સંસ્થાએ ઉત્સાહભેર ઉપાડી લીધું છે. એવી સંસ્થાને નોબેલ જેવું સમ્માન મળવાથી સ્વભાવિક રીતે જ આવી સેવાપ્રવૃત્તિ કરનારાઓનો ઉત્સાહ બેવડાશે. ભારતીય સંસ્કૃતિમાં તો ભૂખ્યાને અન્ન અને તરસ્યાને પાણી - એ જૂગજૂના સંસ્કાર છે. વર્ષો પૂર્વે કાઠિયાવાડમાં અન્નક્ષેત્રોને આવું નોબેલ મળવું જોઈતું હતું. 'માનવીની ભવાઈ' નવલકતા છપ્પનિયા દુકાળનો માહોલ લઈને આવેલી. એનો નાયક કાળુ અલબત્ત, ભીખનું ધાન ખાવા રાજી નથી; એ કહે છે : ભૂખ ભૂંડી છે, પણ ભીખ તો ભૂખ કરતાંય ભૂંડી છે. આખરે જીવન ટકાવી રાખવા ખાવું તો પડશે જ. જયારે આવી મહામારી જેવું સંકટ આવી પડ્યું છે અને ધંધાપાણી બંધ થતાં લાખો માણસોની રોજગારી છીનવાઈ ગઈ છે ત્યારે યુનાઈટેડ નેશન્સની આ સંસ્થા 'ભૂખ્યા જનોનો જઠરાગ્નિ' ઠારવા પ્રયાસ કરે છે તે ખરેખર મોટું આશ્વાસન છે. ફરી એકવાર આપણા વિશ્વકવિ ઉમાશંકર યાદ આવે છે એમના જાણીતા સૉનેટ 'જઠરાગ્નિ'ની અંતિમ પંક્તિઓ છે :

ભૂખ્યાં જનોને જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મકણી ન લાદશે!

વિકાસ અને વિલાસ ત્યારે જ શક્ય છે જયારે છેલ્લામાં છેલ્લો માણસ બે ટંક ધરાઈને ખાઈ શકતો હોય, એના માથે છાપરું હોય, પહેરવા કપડાં હોય : રોટી, કપડા ઔર મકાન ! આપણા દેશમાં મહાજન પરંપરા આ જ કામ કરતી રહી છે દરમિયાન સાહિત્યનું નોબેલ અમેરિકન કવયિત્રી લુઈ ગ્લકના ફાળે ગયું છે. સોળ મહિલાઓને અત્યાર સુધીમાં સાહિત્યનું નોબેલ મળી ચૂક્યું છે.

આ અંગે ભલે એક સમિતિ રચાઇ જાય!

આરપાર
રાઘવજી માધડ

ગામમાં પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો. ઉગ્રતાના લીધે,પડોશીઓ ભેગાં થઈ ગયાં.બંનેને વાર્યા, સમજાવીને શાંત પાડ્યા.પછી કોઈએ પૂછ્યું: 'આ ઝઘડો થયો શું કરવા !?' ત્યાં પતિ તાડૂકીને બોલ્યો :'હું ના પાડુ,તોય તેને તલનાં ખેતરમાં ચાલવું છે !' વળી પતિ બોલવા ગયો ત્યાં એક ડોસીએ તેને અટકાવ્યો. ને પૂછ્યું: 'ભાઈ તમે કોના તલ,ખેતરની વાત કરો છો?' પછી ભાર દઈને કહ્યું:'તમારે તો ખેતર જ નથી,તલ વાવ્યા ક્યાં!?'આ સવાલથી દંપતી હરકતમાં આવી ગયું.ખરેખરતો બંને ભેંસ ખરીદી,દૂધ વેંચી બચત કરી, તેમાંથી જમીન ખરીદવાનાં હતાં.પછી ખેતરમાં તલનું વાવેતર કરવાના હતા. પણ કાંઈ થયું ન હોવા છતાં તલના ઊભા પાક વચ્ચે ચાલવામાં બંને ઝઘડી પડ્યા હતાં!

આજકાલ પરીક્ષાઓ અંગેની જાહેરાતમાં પણ કાંઇક આવું થયાનું ચારેબાજુ ચર્ચાઈ રહ્યું છે. હજુતો ઓનલાઈન એજ્યુકેશન છેવાડા સુધી પહોંચવાના પ્રશ્નો છે...આજ સુધી જે શિક્ષણકાર્ય થયું છેતે કેવું ને કેટલું થયું છે?તેનો કોઈ આધારભૂત સર્વે કે સંશોધન લગભગ થયું નથી..ને સીધી પરીક્ષાની જાહેરાત ! આ જાહેરાતના સારા કે કોઈ સાચા કારણો હશે તે માની લઈએ...પણ વાલી અને વિદ્યાર્થીઓ ટેન્શનમાં આવી ગયાં તેનું શું ?વાલી સાથે આવેલા વિધાર્થીએ કહ્યું હતું: 'સર અમને ભણાવ્યા એ સેપ્ટર રદ્દ કર્યા... ને નથી ભણ્યા તેની પરીક્ષા આપવાની !?' તેમનું કહેવું ખોટું નહોતું. આપણી શિક્ષણ પ્રણાલીએ પાક્કું કરાવી દીધું છે : પરીક્ષા માટે જ ભણવાનું હોય છે !

શિક્ષણની ગોબાઝાળી કોરોનાના કારણે સર્જાઈ છે. સ્કૂલો શરુ કરવાની એક બાજુ ઉતાવળ થઈ રહી છે...વિદ્યાર્થીઓને ટ્યુશન અથવા ઓનલાઈન દ્વારા શિક્ષણ મળ્યું છે પણ અમુક વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત રહ્યાં છે.પરીક્ષામાં સૌ સાથે જ હશે.પણ પરિણામમાં સાથે ને સરખા નહીં હોય.તેનું પરિણામ સારા - નબળા ના ભાગ પાડનારું ન બને તે વિચારવું રહ્યું.મહામારીમાંથી કોઈ મધ્યમ મારગ કાઢવાની આ મથામણ છે... આ સમજાય એવું છે. પણ મૂળ મુદ્દો, દેશના સર્વ નાગરિકના જીવન માટે શિક્ષણ છે તે ભૂલાવું ન જોઈએ.

વર્ષના બે છેડા ભેગાં કરવા માટે, પાઠ્યપુસ્તકમાંથી ભણાવવા ને પરીક્ષા લેવા માટે એકમ ઓછા ને અલગ કરવામાં આવ્યા છે જે કોઈ સમિતિ દ્વારા થયું હશે તેની ના નહીં.પણ શિક્ષણકર્મીને ધર્મીના મત અનુસાર પાઠ્યપુસ્તકમાંથી એકમ ઓછા થયા છે.પણ સમગ્ર અભ્યાસક્રમ તપાસવો એકબાજુ રહી ગયો છે. હા,ભાષામાં પાઠ કાપ્યાને વ્યાકરણ યથાવત રાખ્યું... પણ પાઠના વિષયવસ્તુ દ્વારા વ્યાકરણની વાત કર વાની હોય તેનું શું ? ઘણીવાર માણસથી મોં સાફ કરવાના બદલે અરિસો સાફ થઈ જતો હોય છે !

આ બધું કરવાનો એક જ ઉદેશ્ય લાગે છે, જે પરંપરાથી ચાલ્યું આવે છે તે શૈક્ષણિક વર્ષ જુનથી માર્ચ-એપ્રિલ સુધીનું જળવાઈ રહે અને પાયામાં વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે..! અહીં પહેલો મુદ્દો, કોરોના કાળમાં ભેગાં થઈ જીવન બગડે તેના કરતા વર્ષ બગડે તે પોસાય.બીજો મુદ્દો, અમુક અભ્યાસક્રમમાં એડમી શન પ્રક્રિયામાં મહિનાઓ નીકળી જાય છે ત્યારે શૈક્ષણિક વર્ષનું શું થાય છે ? ત્રીજો મુદ્દો, આપણે અંગ્રેજોની મેકોલે શિક્ષણપદ્ધતિને ભાંડતા રહ્યા છીએ...તો જુનથી શૈક્ષણિક વર્ષની શરૂઆત કોણે કરી !? શા માટે શૈક્ષ ણિક વર્ષને જાન્યુઆરીથી ડીસેમ્બર સુધી રાખી ન કરી શકાય ? આ અંગે ભલે એક સમિતિ રચાઈ જાય !

છેલ્લે : દુનિયામાં બધું કિમતી હોય છે પણ મળ્યા પહેલા ને ગુમાવ્યા પછી કિંમત તેની સમજાતી હોય છે !

ભારતીય ઈલેક્ટ્રોનિક ન્યૂઝ મીડિયાનો નવો યુગ : રિ-પબ્લિક ભારત

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

પત્રકારિત્વ એ લોકશાહીનો ચોથો સ્તંભ છે. જેમાં કોઈપણ અખબાર કે ન્યૂઝ ચેનલોના પત્રકારો કોઈપણની શેહશરમ રાખ્યા વિના, કોઈપણ સત્તા કે સરકારના દબાણમાં આવ્યા વિના સત્ય રજુ કરી શકે છે. એવો કાયદો ભારતીય સંવિધાનમાં ઘડવામાં આવ્યો છે. પરિણામે જેવી રીતે આર્મીના જાંબાઝ જવાનો બહારના દુશ્મનોથી દેશની સુરક્ષા કરે છે તેવી જ રીતે પત્રકારો દેશની અંદર થતા ભ્રષ્ટાચારો, ક્રાઈમ કે અન્યાયોને પ્રજા સામે સત્યરૂપે રજુ કરીને આપણી લોકશાહીને મજબૂત બનાવે છે. અગાઉના વર્ષોમાં અખબારોનું વર્ચસ્વ હતું. કેમ કે એ વખતે ટી.વી. ન્યૂઝ ચેનલો નહોતી. પરંતુ છેલ્લા કેટલાંક વર્ષોથી ટી.વી. ન્યૂઝ ચેનલોએ આવીને આખા દેશની સામાજિક અને રાજનીતિક પરિસ્થિતિને દેશની પ્રજા સામે ખૂલ્લી રીતે રજુ કરીને પત્રકારિત્વને એક નવી દિશા આપી છે.

છેલ્લા થોડા વર્ષોથી આ ઈલેક્ટ્રોનિક્સ ન્યૂઝ મીડિયા ઉપર પણ કોઈ ને કોઈ પક્ષો સાથે જોડાવાના આક્ષેપો લાગી રહ્યા છે. તો વળી ઘણી બધી ન્યૂઝ ચેનલોનું સામ્રાજ્ય અને તાકાત પણ વધતી જતી જોવા મળી છે. કેમ કે દેશમાં ચૂંટણી સમયે પ્રજાના માનસ બદલવામાં આ ન્યૂઝ ચેનલો મહત્વનો ભાગ ભજવે છે. એ રાજકીય પક્ષો ખૂબ સારી રીતે જાણે છે.

હમણાથી છેલ્લા કેટલાક સમયથી હિંદી ન્યૂઝ ચેનલોમાં " રિ-પબ્લિક ભારત " ન્યૂઝ ચેનલ ચર્ચામાં છે. અને આ ચેનલ ટી.આર.પી.થી અને પોતાની મહેનતથી સમગ્ર ભારતમાં નંબર વન બની ગઈ છે. માત્ર અઢાર મહિનામાં તમામ ન્યૂઝ ચેનલોને પાછળ રાખીને દેશભરમાં લોકપ્રિયતા મેળવનાર આ ચેનલ આજકાલ ખૂબ જ ચર્ચા અને વિવાદમાં પણ છે. આ ચેનલના એડિટર ઈન ચીફ શ્રી અર્નબ ગોસ્વામીના નેતૃત્વમાં છેલ્લા કેટલાક સમયથી દેશની મોટી મોટી સમસ્યાઓની સચ્ચાઈને નીડરતાથી રજુ કરીને પોતાના મજબૂત ઈરાદાઓ દેશ અને દુનિયાને બતાવી દીધા છે. પરિણામે ભારતના મોટા મોટા સેલિબ્રિટીઓ વ્યક્તિઓ આ ચેનલ પ્રત્યે આકર્ષાયા છે.

ભારત અને દુનિયાના લોકો આ " રિ-પબ્લિક ભારત " ચેનલને શા માટે પસંદ કરે છે ? તો સૌથી પહેલું મજબૂત કારણ એ આવે છે કે રિ-પબ્લિક ભારત માત્ર સત્યને રજુ કરે છે. કોઈપણની શેહ શરમ રાખ્યા વિના સત્યને પક્ષે રહીને વાત કરે છે. ખાસ કરીને શાહિનબાગનું રિપોર્ટીંગ અને પાલઘર - સાધૂઓની હત્યાની વાતનું સત્ય ખૂલ્યું ત્યારે આખો દેશ જાગી ગયો. પરંતુ જ્યારે સુશાંતસિંહ રાજપુતની આત્મહત્યાના કેસના સત્યને એક જન આંદોલન બનાવીને જ્યારે દેશ સામે કેટલાંક તથ્યો રજુ કર્યા તો મહારાષ્ટ્રની રાજનીતિમાં, સરકારમાં હાહાકાર મચી ગયો. આખા દેશને ખબર પડી ગઈ કે સુશાંતે આત્મહત્યા નથી કરી પણ તેની હત્યા કરવામાં આવી છે. અને પછી તો સી.બી.આઈ, ઈ.ડી., એન.સી.બી. આ બધી કેન્દ્રીય તપાસ સમિતિ દ્વારા થતું ઈન્વેસ્ટિગેશન, ડ્રગ્સના મામલે આખા બોલીવૂડની સંડોવણીનું સત્ય પણ બહાર આવ્યું. દેશની સૌથી સુપર સક્ષમ મનાતી મુંબઈ પોલીશની પોકળ પ્રસિદ્ધિને અને મુંબઈની આત્મા જેવી શિવસેનાને પડકારીને, લલકારીને તેમની સામે બાંયો ચડાવીને લડનાર અર્નબ ગોસ્વામી અત્યારે પત્રકારિત્વની દુનિયાનો દબંગ પત્રકાર છે. એમના સાહસ, નીડરતા, નિષ્પક્ષતાને કારણે તેઓ અત્યારે લોકનાયક બનીને ઉભરી રહ્યા છે.

આજ સુધી દેશની જનતાએ મોટેભાગે ટી.વી. પર સ્ટૂડિયોમાંથી પ્રસારિત થતા સમાચારો જોયા હતા. બધી જ ચેનલોના પત્રકારો ઘટના સ્થળે જતા હતા પણ ત્યા શૂટિંગ કરીને સ્ટૂડિયોમાં મોકલીને એમાં ચેનલના મુખ્ય સંપાદક કે માલિક એડિટીંગ કરીને, કાપકૂપ કરીને બપોરની બનેલી ઘટનાના સમાચારો રાત્રે રજુ કરતા હતા. અને ટી.વી. ન્યૂઝ રીડરો એકદમ ટીપટોપ થઈને સમાચારોનું વાંચન કરતા હતા. એકદમ સૌમ્ય અને શિષ્ટ ભાષામાં સમાચારોનું (સ્ટૂડિયોમાં રાખેલા સામેના સ્ક્રીનમાં જોઈને) વાંચન થતું આપણે જોતા હતા. આપણને એમ જ હતું કે આ જ પત્રકારિત્વ કહેવાય. પરંતુ 'રિ-પબ્લિક ભારત' ના પત્રકારોએ આવીને સમાચારો રજુ કરવાની, કોઈપણ ઘટનાનું રિપોર્ટીંગ કરવાની આખી જુની પરંપરા જ તોડી નાખી. ઘટના સ્થળે લાગેલા કેમેરાના શૂટિંગમાં કોઈ એડિટીંગ નહી, રિપોર્ટરોની સામે કોઈ સ્ક્રીન નહીં, કોઈ લખેલી કે પોલિશ કરેલી ભાષા નહીં. બસ, માત્ર જે સામે દેખાય તે સીધુ જ પ્રજાની સામે રજુ કરવું. અને તે જ બોલવું. આર. ભારતના પત્રકારો રાતના અગિયાર વાગ્યે મુંબઈના રસ્તાઓ ઉપર ઉભા રહીને શીવસેના વિરુદ્ધમાં સત્ય રજુ કરતા હોય ત્યારે એમને એવો પણ ડર નથી હોતો કે કોઈ પાછળથી મોટું વાહન ટકરાવીને જતું રહેશે તો ? આર.ભારતના પત્રકારો જ્યારે કોઈ ઘટનાના સત્યને રજુ કરવા એક મુહિમનું રૂપ આપે છે ત્યારે ભારતની પ્રજા પણ એની સાથે જોડાઈ જાય છે.

આ ચેનલના પત્રકારોની એક ખાસિયત એ છે કે તેઓ આરોપીના ઘરની બહાર જ ગોઠવાઈ જાય છે અને તેની એક એક હલચલની લાઈવ રજુઆત કરે છે. વળી આરોપી ઘરથી પોલીસ સ્ટેશન જાય તો પણ એમની પાછળ કાર લઈને સતત ફોલો કરીને, વચ્ચે ટ્રાફિક પોઈન્ટ આવતા કાર ઊભી રહે તો પત્રકાર ઉતરીને આરોપીને પ્રશ્નો પૂછીને માનસિક રીતે પરેશાન કરે છે. પહેલા તો એમ લાગે કે આવું કરાય ખરું ? પણ આ પ્રકારનું રિપોર્ટીંગ જોઈને દેશભરની અનેક વ્યક્તિઓ ગુનો કરતા ડરશે. કેમ કે આર. ભારતના પત્રકારો કોઈની પણ શેહશરમ રાખ્યા વિના સત્યને બહાર લાવીને જ ઝંપે છે. પોલીસ અધિકારીઓને પણ ઘેરીને ડર્યા વિના કઠિન સવાલો કરે છે. રીયા ચક્રવતી કેસમાં સોહિલે રીયાને, પોલીસ અધિકારીને કરેલા સવાલો તો વળી હાથરસ કાંડમાં અમીત ચૌધરી દ્વારા થયેલું દલિત કૉંગ્રેસી નેતાનું સ્ટીંગ ઓપરેશન કે હાથરસ ગામની ગલીઓમાં દિવસો સુધી વહેલી સવારેથી મોડી રાત સુધી લાઈવ રિપોર્ટીંગ કરતી શ્વેતા ત્રિપાઠી કે કવિતાસીંગ કે મુંબઈના રસ્તાઓની વચ્ચે ધારદાર અવાજમાં સરકાર અને પોલીસને લલકારતી સુચરિતા કુકરેતી કે ક્યારેક રિક્ષામાં, ક્યારેક રસ્તાઓની વચ્ચે બેસીને કે ક્યારેક બાઈક પાછળ બેસીને જોશ પૂર્વક રિપોર્ટીંગ કરનાર પ્રદીપ ભંડારી કે આખો દિવસ સતત બોલીને રાત્રે નવથી દસ સુધી સ્ક્રીન કે સ્ક્રીપ્ટ વિના એક કલાક સતત ઝનૂન અને જોશપૂર્વક બોલનાર વિકાસ શર્મા = અને રોજ સાંજે સાતથી આઠ એક કલાક "પૂછતા હૈ ભારત"માં શ્રી અર્નબ ગોસ્વામીની રાષ્ટ્રશૌર્યથી ભરપૂર અને દબંગી ભાષા અનેક રાજનેતાઓને, અધિકારીઓને કે બીજી ચેનલોના પત્રકારોને નહીં ગમતી હોય પણ દેશ આખો અત્યારે સાંજે સાત વાગ્યે ટી.વી. પર આ "પૂછતા હૈ ભારત " જોવા જરૂર બેસી જાય છે. કેમ કે આજસુધી પ્રજાએ અને નેતાઓએ આવું ખૂલ્લેઆમ અસત્યને પડકારતું પત્રકારિત્વ નથી જોયું. તેથી અર્નબની તેજાબી તલવાર જેવી વાણી સૌ ઉત્તેજનાપૂર્વક સાંભળે છે. હાલ અત્યારે બે દિવસ પહેલા જ આ ચેનલ ઉપર ટી.આર.પી. ચોરી મામલે આરોપ બીજી એક ચેનલ અને મુંબઈ પોલીસે લગાવેલો પણ અંતે આરોપ લગાવ્યો હતો તે જ ચેનલ વિરુદ્ધ ફરિયાદ થઈ હતી. બીજે જ દિવસે આખું ષડયંત્ર અર્નબે ખૂલ્લું પાડ્યું હતું. આ ચેનલની વિશેષતા એ છે કે તે રાષ્ટ્રવાદી છે. પરિણામે દેશવિરોધી અનેક વૈશ્વિક તાકાતો આ ચેનલને બંધ કરાવવા કામે લાગી ગઈ છે. તેથી આ ચેનલના ચીફ અર્નબ ગોસ્વામી અને તેમની સમગ્ર ટીમ ઉપર ૨૪ કલાક જોખમો પણ રહેલા છે. એ બાબતે સરકારે પણ સુરક્ષા વ્યવસ્થા કરવાની જરૂર છે. જો કે આ ચેનલની એક બે બાબતો ઘણા લોકોને ખૂંચે છે. અર્નબ અને તેમની પત્રકાર ટીમ અન્ય ચેનલોની

અનુસંધાન પાના નં.૭ પર

દરિયા સાથે દોસ્તી મારી, નદીઓ સાથે નાતો, છલાંગ મારતાં ઝરણાં સાથે, હું તો ગીતો ગાતો!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

"આટલું તે વ્હાલ નહીં વેરીએ, ઓ રાધિકા, શ્યામ ને તે આમ નહીં ઘેરીએપબંસીના સૂર જેમ વેરે છે શ્યામ એમ,આઘે રહીને એને હેરીએપ"... "શ્યામ મારો આ કોરો કાગળ એમાં દોરો તમે કુંડળી અને કહો કે મળશું ક્યારે?કેં કેટલા ઘોંઘાટના અહીં ઘૂંઘટપટ રે ઢળ્યા એને કહો ખોલશો ક્યારે?.."....." "....અમે તમારી વાંસળીઓ ને તમે અમારા સૂર : શ્યામ ! ઓ સાંવરીયા ! અમે તમારી પાસે ને નહી તમે શ્વાસથી દૂર :શ્યામ ! ઓ સાંવરીયા !.."...." મારી ગાગર ઉતારો તો જાણું કે રાજ, તમે ઊંચક્યો 'તો પહાડને ! હું તો ઘરે ઘરે જઈને વખાણું કે રાજ, તમે ઊંચક્યો 'તો પહાડને !.."...." મંદિર સાથે પરણી મીરાં, રાજમહલથી છૂટી રે, કૃષ્ણ નામની ચૂડી પહેરી, માધવની અંગૂઠી રેપ"....આટલી કાવ્યપંક્તિઓ વાંચતાં સમજાય ગયું હશે કે દરેકમાં કૃષ્ણ - કાનુડો - માધવ કોમન છે અને કૃષ્ણ -રાધા કે કૃષ્ણ -મીરા ની વાત પણ કોમન છે. આટલા સુંદર કૃષ્ણ કાવ્યો કે પછી રાધાકાવ્યો કે મીરાકાવ્યો આપણને આપનાર ગુજરાતી સાહિત્યના શિરમોર એવા અને કવિ, નિબંધકાર, બાળસાહિત્યકાર, સંપાદક સુરેશ દલાલની આજે જન્મતિથી છે.

ગુજરાતી સાહિત્યમાં જે ગણ્યા-ગાંઠયા સર્વોચ્ચ અને જેમની ખોટ કદીયે ના પુરાય એવા કોઈ કવિ – સાહિત્યકાર હોય તો એ હતા સુરેશ દલાલ. "હ ક્યારેક સારો લાગે ક્યારેક નરસો લાગે, તોયે માણસ મને હૈયાસરસો લાગેપદરિયો છે એટલે તો ભરતી ને ઓટ છે, સારું ને બૂરું બોલે એવા બે હોઠ છે,એને ઓળખતા વરસોનાં વરસો લાગે,તોયે માણસ મને હૈયાસરસો લાગેપ" લખનાર સુ.દ. પોતે જ ગુજરાતી કવિતારસિકોને અતિવહાલા હતા અને રહેશે. એમણે ભલે ને એમ લખ્યું હોય કે " ભટકી ભટકીને મારા થાક્યા છે પાય, હવે પંથ મારો ચાલે તો ચાલુપ પોપચાં બિડાય ત્યારે ખૂંચે અંધાર, અને ઊઘડે ત્યાં સળગે અજવાળુંપ" પણ સુરેશ દલાલ ઉત્કૃષ્ટ સાહિત્યનું સર્જન કરવામાં ક્યારેય થાક્યા નહીં. અને સાહિત્ય કેટલું કરતાં પણ કેટલા બધા પ્રકારનું ? 'એકાન્ત', 'તારીખનું ઘર', 'અસ્તિત્વ', 'નામ લખી દઉં', ખૂબ જ લોકપ્રિય નીવડેલ 'હસ્તાક્ષર', 'સિમ્ફની', 'રોમાંચ','સાતત્ય', 'પિરામિડ', 'રિયાઝ', 'વિસંગતિ' 'સ્કાઈસ્ક્રેપર' 'ઘરઝુરાપો' 'એક અનામી નદી' 'ઘટના' 'રાધા શોધે મોરપિચ્છ' 'કોઈ રસ્તાની ધારે ધારેલ્લ અને 'પવનના અશ્વલ્લ જેવા એક થી એક ચડિયાતા કાવ્યસંગ્રહો તો 'ઈટ્ટાકિટ્ટા', 'ધીંગામસ્તી', 'અલકચલાણું', 'ટિગાટોળી', 'છકમ છલ્લો', 'બિન્દાસ' જેવા બાળકાવ્યોના સંગ્રહો પણ.. 'પિનકુશન' નામે નવલિકાની સાથે કીડી અને વાંદો અને બીજી વાતો, મમ્મી મારી વાતો જેવી બાળવાર્તાઓ પણ લખી તો 'મારી બારીએથી'-ભા.-૨,'સમી સાંજના શમિયાણામાંલ્લ,'ભૂરા આકાશની આશા','મોજાને ચીંધવા સહેલાં નથી','અમને તડકો આપો' જેવા નિબંધસંગ્રહો આપ્યા. અપેક્ષા, નરસિંહ મહેતા, જેવા વિવેચનો તો માટીની મમતા, કેશવસુત જેવા અનુવાદો અને કાવ્ય ઝલક, ગદ્યઝલક, કવિતા, ગુજરાતી કાવ્ય સમૃધ્ધિ, કાવ્ય પરિચય જેવા સંપાદનો પણ કર્યા અને ઈમેજ પબ્લિકેશન્સ જેવુ આગવું પબ્લિશિંગ હાઉસ આપ્યું અને 'કવિતા' જેવા હજુ પણ લોકપ્રિય સામયિકનું સફળ સંચાલન અને સંપાદન કરી બતાવ્યુ કે જ્યાં કવિ અને કવિતાનો મેળો સદાય ભરાયેલો રહેતો.

કૃષ્ણ અને મિરા કે કૃષ્ણ અને રાધાની વાતો સદીઓથી સાહિત્ય અને કવિતા કે ગીતોમાં કહેવાતી રહી છે પણ સુરેશભાઈએ એ ભક્તિ-પ્રેમ ની વાતો અનોખા અંદાઝમાં રજૂ કરી એટલું જ નહીં પણ રસિકોમાં એ ખૂબ જ લોકપ્રિય પણ થઈ. "વાંકાબોલી આ તારી વરણાગી વાંસળી,